
RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com



Year : 15, Issue : 31, Dt.17-04-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રામનવમીના પર્વે રામલલાને કરાયું સૂર્ય તિલક



## અયોધ્યામાં ભગવાન શ્રીરામના અલૌકિક દર્શનનો લાભ લેતાં લાખો ભાવિકોઃ ભગવાનને કરાયો દિવ્ય અભિષેકઃ રામ મંદિર ખુલ્લુ મુકાયા બાદની પ્રથમ રામ નવમીએ અયોધ્યાએ સજ્યા શણગાર

**મુખ્ય સમાચાર, અયોધ્યા**

ભગવાન શ્રીરામની જન્મભૂમિ અયોધ્યામાં ભવ્ય રામમંદિર ખુલ્લુ મુકાયા પછીની પ્રથમ રામનવમીએ આજે અયોધ્યામાં રામભક્તોનો મહાગર છલકાયો હતો.પરોઢીયે ૩-૩૦ વાગ્યે મંદિરના કપાટ ખૂલવા સાથે દિવ્ય અભિષેક સાથે દર્શન ખુલ્લા મુકવામાં આવ્યા હતા. બપોરે 'સુર્યતિલક' થયુ હતું.

ભગવાન શ્રીરામનાં જન્મોત્સવ નિમિતે આજે અયોધ્યાનું શ્રીરામ મંદિર દર્શનાર્થીઓ માટ સવારે ૩.૩૦ વાગ્યે ખુલ્લુ મુકવામાં આવ્યુ હતું. સામાન્ય રીતે ૬.૩૦ વાગ્યાથી ખુલતુ હોય છે આજે રાત્રે ૧૧.૩૦ વાગ્યા સુધી તે ખુલ્લુ રહેશે.અર્થાત સળંગ ૨૦ કલાક સુધી રામલલ્લાનાં દર્શન થશે.

અયોધ્યામાં ભગવાન શ્રીરામનાં જન્મ સ્થળે ૫૦૦ વર્ષ બાદ પ્રથમવાર જન્મોત્સવ ઉજવાય રહ્યો છે. સદીઓનાં સંઘર્ષ અને કાનુની વિવાદ વચ્ચે અદાલતે હિન્દૂઓને અધિકાર સોંપ્યો હતો અને ત્યારબાદ મંદિરનું નિર્માણ થયુ હતું. આજે ભવ્ય અને દિવ્ય રીતે ભગવાન શ્રીરામની જન્મની ઉજવણી થઈ રહી છે. વહેલી સવારથી જ લાખો ભાવિકો અયોધ્યામાં ઉમટી પડયા હતા અને જન્મોત્સવનો ગજબનાક ઉત્સાહ-ઉમંગ જોવા મળ્યો હતો.

વહેલી સવારે મંદિરના દ્વાર ખુલતાની સાથે જ ભાવીકોએ ભગવાન શ્રી રામને જયઘોષ બોલાયો હતો.વેદમંત્રોના પાઠ સાથે દુધનો અભિષેક કરવામાં આવ્યો હતો.આ દરમ્યાન પણ દર્શન ચાલુ જ રાખવામાં આવ્યા હતા.સમગ્ર રામમંદિર સંકુલને ફુલોની અદભુત સજાવટ કરવામાં આવી હતી. ભકિતપથ તથા રામપથ પર મેટ પાથરવામાં આવી છે.એટલે દર્શનાર્થીઓને આકરા ઉનાળાનાં તાપથી રાહત મળી શકે. ગરમીથી રક્ષણ આપવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

# છત્તીસગઢમાં ૨૯ નક્સલીઓનો સફાયો, ૩ જવાન ઘાયલ

## નક્સલીઓ અને બીએસએફ-પોલીસના જવાનો વચ્ચે કલાકો સુધી ભારે ગોળીબાર, ૨૫ લાખનો ઈનામી નક્સલી કમાન્ડર પણ માર્યો ગયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન ૧૯મી તારીખે યોજાવા જઇ રહ્યું છે. આ ચૂંટણી પહેલા છત્તીસગઢમાં બસ્તર પ્રાંતમાં સુરક્ષાદળો અને નક્સલીઓ વચ્ચે ભારે ગોળીબાર થયો હતો. સુરક્ષાદળોના એન્કાઉન્ટરમાં ૨૯ નક્સલીઓ માર્યા ગયા છે. જ્યારે ત્રણ જવાનો પણ ઘાયલ થયા છે. નક્સલીઓ પાસેથી હથિયારોનો મોટો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે. જંગલોમાં નક્સલીઓ છુપાયા હોવાની બાતમીના આધારે બીએસએફ અને ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડના જવાનોની ટૂકડી નક્સલ વિરોધી ઓપરેશન માટે નિકળી હતી જે દરમિયાન સામસામે ભારે ગોળીબાર થયો હતો.



છત્તીસગઢના નક્સલ પ્રભાવિત બસ્તર રેન્જના આઇજી સુંદરરાજ પીએ જણાવ્યું હતું કે સામસામે કલાકો સુધી ગોળીબાર ચાલ્યો હતો, જે દરમિયાન ૨૫ લાખના ઇનામી એક નક્સલી કમાન્ડર સહિત ૨૯ નક્સલીઓ માર્યા ગયા છે અને તેમના મૃતદેહો પણ મળી આવ્યા છે. સાથે જ નક્સલીઓ પાસેથી એકે-૪૭, એસએલઆર, ઇન્સાસ અને .૩૦૩ રાઇફલો, ૩એલએમજી પણ જપ્ત કરાઇ છે. ૧૯મી એપ્રીલના રોજ બસ્તર વિસ્તારમાં લોકસભાની ચૂંટણીનું મતદાન યોજાવાનું છે. જેને ધ્યાનમાં રાખીને નક્સલીઓની શોધખોળ માટે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આવા જ એક અભિયાન દરમિયાન નક્સલીઓની ટોળકી અને સુરક્ષા દળો બન્ને સામસામે આવી ગયા હતા.

# રાજ્યમાં સૂર્યનારાયણનું રૌદ્ર સ્વરૂપઃ રાજકોટ સહિત અનેક શહેરોમાં તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને આંબ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર કચ્છમાં ગઈકાલે સવારે હવામાન પલ્ટા બાદ બપોરથી ફરી સૂર્ય દેવતાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા અનેક સ્થળોએ ૪૦ થી ૪૨ ડિગ્રી જેટલુ મહત્તમ તાપમાન નોંધાયું હતું.ગઈકાલે હાઈએસ્ટ મહુવા ખાતે -૪૩ ડિગ્રી અને સુરેન્દ્રનગરમાં-૪૨.૩ તથા રાજકોટ ખાતે ૪૧.૫ અમરેલીમાં ૪૧.૮, ભુજમાં ૪૦.૧, નલિયામાં ૪૦.૨, ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાવા પામ્યુ હતુ.

કેશોદમાં કાળઝાળ ગરમીમાં તાપમાન નો પારો દિવસે ને દિવસે ઉંચો જય રહીયો છે અને ગયકાલે ૪૨ - ૪૩ડીગ્રી જેટલું



તાપમાન જોવા મળેલ હતું અને એકથી છ વાગ્યા સુધી તો રોડ પર અગ્નિ વરસતી હોય તેવો તાપનો રોડ પર નિકળતાં લોકો એ કરવો પડીયો હતી. ત્યારે આવા ઉનાળા ના આકરા તાપમાન લોકો પોતાના કામ સિવાય બહાર ન નીકળવું જોઈએ અને જરૂરી હોયતો શરિર ને તમામ રીતે ઢાંકી અને માથે ઠંડુ કપડું બાંધીને જ બહાર નિકળવું જોઈએ તેવું જાણકાર લોકો નું કહે

જામનગરમાં ધીમે ધીમે ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે.ત્યારે આજે શહેરમાં મહતમ તાપમાન ૩૬.૮ ડિગ્રી નોંધાયું હતું તો લઘુતપ તાપમાનનો પારો ૨૬ ડિગ્રીએ સ્થિર રહ્યો હતો.જયારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૫ ટકા નોંધાયું છે.તો પવનની ગતિ પ્રતિકલાક ૭.૯ કિમિ રહી છે.સોરઠમાં હાલ ઉનાળાએ અસલ રૂપ ધારણ કરી લીધુ હોય તેમ બપોરના ૧૧ બાદ સૂર્યનારાયણ સોળે કળાએ ખીલ્યા હોય તેમ આકાશમાંથી અગ્નિના ગોળા વરસી રહ્યા હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે.

# બેલેટ પેપરથી મતદાનમાં પણ અનેક ખામીઓ છે : સુપ્રીમ

## ઈવીએમ સાથે ચેડાંના આક્ષેપો મુદ્દે સુપ્રીમે આકરાં સવાલો પૂછ્યાઃ માનવીય દખલ થાય ત્યારે સમસ્યાઓ પેદા થાય છે, અન્યથા મશીન તમને એકદમ સચોટ પરિણામ આપે છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીમાં પ્રથમ તબક્કાના મતદાનને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે વિપક્ષ સતત ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) સાથે સરકરાના ચેડાં અંગે આક્ષેપો કરી રહ્યો છે ત્યારે સુપ્રીમ કોર્ટે મંગળવારે ઈવીએમ અને વીવીપેટના સંદર્ભમાં વિપક્ષને અનેક આકરાં સવાલ પૂછ્યા હતા અને બેલેટ પેપરના ઉપયોગ અંગે થતી ગેરરીતિઓની પણ યાદ અપાવી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે માનવીય દખલ થાય ત્યારે સમસ્યાઓ પેદા થાય છે. અન્યથા મશીન તમને એકદમ સચોટ પરિણામ આપે છે.

ઈવીએમથી મતદાન દરમિયાન દરેક મતદારને વેરિફિકેશન માટે વીવીપેટ સ્લિપ મળવી જોઈએ તેવી માગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે મંગળવારે સુનાવણી કરી હતી. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનું



મતદાન ૧૯ એપ્રિલે છે ત્યારે ન્યાયાધીશો સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચે આ કેસમાં આગામી સુનાવણી ૧૮ એપ્રિલ પર મુલતવી રાખી છે.

આ સુનાવણીમાં ન્યાયાધીશ ખન્નાએ મહત્વપૂર્ણ ટીપ્પણી કરતા કહ્યું કે, માનવીય દખલ હોય ત્યારે સમસ્યાઓ વધી જાય છે. માનવીય દખલ ના હોય તો મશીન તમને એકદમ ચોક્કસ જવાબ આપી શકે છે. સમસ્યા ત્યારે પેદા થાય છે જ્યારે માનવીય દખલ કરવામાં આવે છે. તમારી પાસે મશીન સાથે ચેડાં રોકવા અંગે કોઈ સૂચન હોય તો તમે આપી શકો છો.

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) અને સોશિયલ એક્ટિવિસ્ટ અરૂણ કુમાર અગ્રવાલે સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને ઈવીએમના મતો અને વીવીપેટની ચીઠ્ઠીઓની ૧૦૦ ટકા મેળવણીની માગણી કરી છે. આ અરજીની સુનાવણીમાં બેન્ચે એડીઆર તરફથી હાજર થયેલા વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણને અનેક આકરા સવાલો પૂછ્યા હતા.

પ્રશાંત ભૂષણે કહ્યું કે, મોટાભાગના મતદારોને ઈવીએમ પર વિશ્વાસ નથી ત્યારે ન્યાયાધીશ દીપાંકર દત્તાએ તેમને ટોકતા સવાલ કર્યો કે, તમે કહ્યું કે મોટાભાગના મતદારો ઈવીએમ પર વિશ્વાસ નથી કરતા. આ ડેટા તમે ક્યાંથી અને કેવી રીતે મેળવ્યો? તેના જવાબમાં પ્રશાંત ભૂષણે કહ્યું કે, એક સર્વેક્ષણ થયું હતું. તેના પરથી આ દાવો કરી શકાય છે. જસ્ટિસ દત્તાએ કહ્યું કે, અમે ખાનગી સર્વેક્ષણો પર વિશ્વાસ ના કરી શકીએ.

પ્રશાંત ભૂષણે અન્ય એક દલીલમાં કહ્યું કે, યુરોપીયન દેશોની જેમ ભારતે પણ બેલેટ પેપર પર પાછા ફરવું જોઈએ. જોકે, ન્યાયાધીશ સંજીવ ખન્નાએ કહ્યું કે બેલેટ પેપરથી ચૂંટણી થતી હતી ત્યારે પણ સમસ્યાઓ હતી. અમે જાણીએ છીએ કે બેલેટ પેપર્સથી મતદાન થતું હતું ત્યારે શું સ્થિતિ હતી? બુથ કેપ્ચરિંગ થતા હતા. એ પરિસ્થિતિ તમે ભૂલી ગયા હશો, પરંતુ અમને બધું યાદ છે. વધુમાં ન્યાયાધીશ દીપાંકર દત્તાએ સવાલ કર્યો કે, જર્મનીની વસતી કેટલી છે? પ્રશાંત ભૂષણે કહ્યું, લગભગ પાંચ કરોડ છે. આપણા દેશમાં ૬૦ કરોડ જેટલા મતદારો છે. મારા ગૃહ રાજ્ય પશ્ચિમ બંગાળની વસતી જ જર્મની કરતાં વધુ છે. જોકે, ન્યાયાધીશ ખન્નાએ કહ્યું, ભારતમાં ૯૭ કરોડ મતદારો નોંધાયેલા છે.

# દુબઈમાં જળબંબાકારઃ દોઢ વર્ષનો વરસાદ ફકત ૨૪ કલાકમાં ખાબકયો

**મુખ્ય સમાચાર, દુબઈ (યુએઈ)**

યુએઈ જેવા રણ પ્રદેશોમાં ખુબજ ઓછો વરસાદ થતો હોય છે પણ છેલ્લા કેટલાય વર્ષોથી આવેલા ઋતુ પરિવર્તનોના કારણે હવે યુએઈના રણમાં ધોધમાર વરસાદ પડવા લાગ્યા છે. દુબઈ સહિત સંયુક્ત અરબ અમીરાત (યુએઈ)ના અને તેના આસપાસના દેશોમાં મંગળવારે ૨૪ કલાકે એટલો તો ગાજવીજ ધોધમાર વરસાદ ૨૪ કલાકમાં પડેલો જે આખા વર્ષ દરમિયાન પડતો હોય છે.

એટલે કે દોઢ વર્ષનો વરસાદ ૨૪ કલાકમાં વરસ્યો હતો. ભારે વરસાદ અને વરસાદના કારણે આવેલા પુરથી ૧૮ લોકોના મોત નિપજયા છે. દુબઈમાં હવામાન વિભાગના જણાવ્યા મુજબ ૨૪ કલાકમાં પાંચ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. આટલો વરસાદ દુબઈમાં દોઢ વર્ષ દરમિયાન પડતો



હોય છે.સંયુક્ત રાષ્ટ્રોમાં દુબઈ એક એવો દેશ છે જયાં વર્ષો સુધી વરસાદ પડતો નથી હોતો. જેથી લોકોને પરેશાનીનો સામનો કરવો પડે છે. પણ મંગળવારે દેશમાં એક દિ' વરસેલા વરસાદે પુરની સ્થિતિ પેદા કરી દીધી હતી. આ ભારે વરસાદના કારણે વિમાનથી માંડીને મેટ્રો ટ્રેન વ્યવસ્થાને અસર થઈ હતી. રસ્તા પર કારો તણાવા લાગી હતી તો લોકો નાવ પર સવાર જોવા મળ્યા હતા. એરપોર્ટથી માંડીને મેટ્રો સુધી બધુ ઠપ્પ થઈ ગયુ હતું.

દુબઈમાં મંગળવારે થયેલા ભારે વરસાદના કારણે પુર જેવી હાલત પેદા થઈ ગઈ હતી. ભારે વરસાદને પગલે યુએઈમાં મુખ્ય રાજમાર્ગો પાણીથી ભરાઈ ગયા હતા અને વાહનો પાણીમાં ડુબતા તણાતા નજરે પડયા હતા.

# ઈડી-સીબીઆઈ તપાસ કોર્ટના આદેશથી થઈ રહી છે, ચૂંટણી પંચે આપ્યો જવાબ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિરોધ પક્ષો દ્વારા સરકાર પર તેમના નેતાઓને નિશાન બનાવવા માટે તપાસ એજન્સીઓનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવવા પર ચૂંટણી પંચે મંગળવારે ભારપૂર્વક કહ્યું હતુ કે, દરેક પાર્ટી અને ઉમેદવારો માટે સમાન તકો અને પ્રચાર અધિકારોની રક્ષણ માટે પ્રતિબદ્ધ છે. પંચે કહ્યું કે, અમને લાગે છે, કે એવું કોઈ પગલું ભરવું યોગ્ય નથી, કે જેના કારણે કાયદાકીય પ્રક્રિયાને અવરોધ પહોચે.

ચૂંટણી પંચે એક નિવેદનમાં કહ્યું હતું કે, રાજકીય વ્યક્તિઓ સાથે જોડાયેલા મુદ્દાઓ કે, જેમા હાલમાં તપાસ કરવામાં આવી રહી છે અને કોર્ટનો ચૂકાદો હજુ બાકી છે, તેની વર્તમાન પરિસ્થિતિ જોતા બંધારણ પ્રમાણે અમે તેમા કોઈ પગલાં લઈ શકતા નથી.

ચૂંટણી પંચે કહ્યું કે, ''પંચ રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે સમાન અવસર તેમજ તેમના પ્રચાર અધિકારોનું રક્ષણ





કરવા માટે અમે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે, પરંતુ કાયદાકીય ન્યાયિક પ્રક્રિયાને અવરોધે તેવું કોઈ પગલું ભરવું યોગ્ય નથી...''

પંચે કહ્યું કે, તેમણે આ મામલા સાથે જોડાયેલી દરેક અરજીઓ પર ગંભીરતાથી વિચારણા કરી છે અને તમામ કેસોમાં ચાલી રહેલી તપાસમાં સંબંધિત નેતાઓની ભૂમિકા અને કોર્ટના આદેશ પર ચાલી રહેલી ગુનાહિત તપાસને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. અને લોકસભા ચૂંટણીને નિષ્પક્ષ બનાવવા અને તમામ પક્ષોને સમાન તક આપવા માટે પ્રતિબદ્ધ છે.ચૂંટણી પંચના જણાવ્યા પ્રમાણે, દેશભરમાંથી વિવિધ પક્ષો અને ઉમેદવારો દ્વારા અત્યાર સુધીમાં ૨૦૦ થી વધુ ફરિયાદો કરવામા આવી છે,

# લોકસભાની ટિકીટને લઈ ગુજરાત ભાજપમાં દાવાનળની સ્થિતિઃ પરેશ ધાનાણી

## વિપક્ષમાંથી સત્તા લાલસા માટે કુદકો મારી ભાજપમાં આવેલાં લોકોની બોલબાલાઃ ગાંધીનું ગુજરાત ડ્રગ્સ ઉતારવાનું ગેટવે બન્યુંઃ પત્રકાર પરિષદમાં કોંગ્રેસના રાજકોટ સંસદીય બેઠકના ઉમેદવાર પરેશ ધાનાણીએ ભાજપ પર માર્યા ચાબખા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત ભાજપમાં દાવાનળની સ્થિતિ સર્જાય છે. ભૂતકાળમાં વિપક્ષમાંથી વટવાયેલાં લોકોની બોલબાલા છે. જયારે ભાજપના કાર્યકર્તાઓ ખુરશી સાફ કરવાનું કામ કરી રહ્યા છે અને જે લોકો વિપક્ષ અને કોંગ્રેસમાંથી ભાજપમાં સત્તાની લાલસા માટે ભળી ગયા છે તેઓ સત્તાના સૂત્રો સંભાળવા બેબાકળા બની ગયા છે. ભાજપના પાયાના કાર્યકર્તાઓને એક બાજુ મુકી આયાતી ઉમેદવારોને ટિકિટની ફાળવણી કરી ભાજપે ખુદ પોતાના પગ પર કુહાડો માર્યો છે તેમ આજે કોંગ્રેસના રાજકોટ સંસદીય મત વિસ્તારના ઉમેદવાર પરેશ ધાનાણીએ કહ્યું હતું.

આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં પત્રકારો સાથે ખુલ્લા દિલે વાત કરતાં ધારાસભાના વિપક્ષના પૂર્વ નેતા તેમજ કોંગ્રેસના આગેવાન પરેશ ધાનાણીએ જણાવ્યું હતુંકે હું રાજકોટના રણ મેદાનમાં



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ભાજપના પડકારને જીલવા આવ્યો છું. સતત અહંકાર અને મનમાની માટે ટેવાયેલાં ભાજપના નેતાઓનો અહંકાર સાતમા આસમાને પહોંચ્યો છે ત્યારે તેમના અહંકારને જનતા ઓગાળશે તે વાત નક્કી છે. ભાજપના અહંકારથી સમગ્ર રાજ્યના લોકો પીડાઈ રહ્યા છે. ગ્રામ પંચાયતથી લઈ મનપા અને કેન્દ્ર સુધી કમનસીબે ભાજપનું શાસન છે.

હાલ ગુજરાત વિધાનસભા છેલ્લા સવા વર્ષથી વિપક્ષ વિહોણી છે જેનું દુઃખ છે. રાજ્યમાં અને કેન્દ્રમાં સત્તાના સૂત્રો સંભાળનાર તમામ બાબતોમાં નિષ્ફળ નિવડયા છે જેનું પરિણામ આજે ગુજરાતના લોકો ભોગવી રહ્યા છે.

ભાજપમાં વિપક્ષમાંથી કુદકો મારી સત્તા માટે આવેલાં નેતાઓની બોલબાલા છે જેના કારણે પાયાનો કાર્યકર નારાજ છે. જેનો પરચો વર્તમાન લોકસભાની ચૂંટણીમાં ભાજપને મળી ગયો છે. સમગ્ર ગુજરાતની તમામ બેઠકો માટે ભાજપમાં સાંઠમારી ચાલી રહી છે. રાજકોટ, અમરેલી, વડોદરા, સુરેન્દ્રનગર, જૂનાગઢ, સાબરકાંઠા, વલસાડ સહિતની અનેક બેઠકો માટે ખેંચતાણ ચાલી રહી છે તેવું જણાવતા પરેશભાઈ ધાનાણીએ કહ્યું કે બે જગ્યાએથી ભાજપે પોતાના ઉમેદવારોને બદલવા પડયા આનાથી મોટી કમનસીબી કઈ હોય શકે જેને કારણે ભાજપમાં દાવાનળની સ્થિતિ સર્જાઈ છે. ઓછામાં પુરૂ રાજકોટમાં પણ ક્ષત્રિય બહેનો-દિકરીઓની માંગ છે તે ભાજપ એક વ્યક્તિને હિસાબે પુરી કરી શકતો નથી એ આપણી કમનસીબી છે. બહેનો-દિકરીઓને ઠેર ઠેર આ માટે ભટકવું પડે તેનાથી વધુ દુઃખ હોઈ શકે નહીં. તેમણે ભાજપ પર મોંઘવારી સહિતના મુદ્દાને લઈ આકરા પ્રહાર કર્યા હતા. અંતમાં તેઓએ એ પણ જણાવ્યું હતું કે ગાંધીનું ગુજરાત ભાજપના શાસનમાં ડ્રગ્સ ઉતારવાનું ગેટવે બન્યું છે. આજની પત્રકાર પરિષદમાં રાજકોટ શહેર કોંગ્રેસના અગ્રણી જોડાયા હતા.

# મોરબીમાં બાદનપર ગામની સીમમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા પાંચ શકુનીઓને ઝડપી લેતી ક્રાઇમ બ્રાંચ

## પોલીસે રોકડા રૂ.૪૦,૯૫૦/- તથા એક ઈનોવા કાર સહીતનો મુદામાલ જપ્ત કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ દ્વારા મોરબી તાલુકાના બાદનપર ગામની સીમમાં દરોડો પાડી જાહેરમાં જુગાર રમતા ૫ ઇસમોને રોકડ રકમ તથા ઇનોવા કાર સહીત કુલ કિ.રૂ.૭,૪૦,૯૫૦/ ના મુદ્દામાલ સાથે ઝડપી લઇ તમામ આરોપીઓ સામે મોરબી તાલુકા પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



મોરબી લોક ક્રાઇમ બ્રાંચના હેડ.કોન્સ. શક્તિસિંહ ઝાલા તથા પો.કોન્સ. સંજયભાઇ રાઠોડને ખાનગીરાહે મળેલ બાતમીને આધારે મોરબી તાલુકાના ખાનપર આમરણ રોડ ઉપર આવેલ બાદનપર ગામની સીમ, ભરવાડના નેસડાની બાજુમાં આવેલ ખરાબાની જમીનમાં જાહેરમાં ગંજીપતાના પાના વડે પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા પ્રાગજીભાઇ જેઠાભાઇ ઠોરીયા ઉવ-૬૭ રહે.રામનગર ખારેચીયા તા.જી.મોરબી, બચુભાઇ પુનાભાઇ ડાંગર ઉવ-૬૧ રહે.કોયલી તા.જી.મોરબી, ભરતભાઇ મોમયાભાઇ કુંભારવાડીયા ઉવ-૪૮ રહે.બેલા આમરણ તા.જી.મોરબી, જ્યંતિલાલ તળશીભાઇ રાઘવાણી ઉવ-૪૬ રહે.ધુળકોટ તા.જી.મોરબી, જયેશભાઇ માનસંગભાઇ મકવાણા ઉવ-૫૨ રહે.બાલંભા તા.જોડીયા જી.જામનગરને જુગારની મોજ માણતા રંગેહાથ ઝડપી લેવાયા હતા. પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૪૦,૯૫૦/- તથા ઇનોવા કાર રજી.નં.જીજે-૩૬-બી-૫૦૨૫ કિ.રૂ.૭,૦૦,૦૦૦/- એમ કુલ કિ.રૂ.૭,૪૦,૯૫૦/-નો મુદ્દામાલ કબ્જે લઇ પાંચેય આરોપી વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે જુગારધારા હેઠળ ગુનો રજીસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાંથી ગેસ-રિફિલિંગનુ કૌભાંડ ઝડપાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ગેસ-રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું છે. ગેસ-રિફિલિંગનું કૌભાંડ રામેશ્વરનગર વિસ્તારમાં ચલાવવામાં આવતું હતું. પોલીસે મુદ્દામાલ સાથે એક આરોપીની ધરપકડ કરી છે

જામનગર જીલ્લાના પોલીસ અધીક્ષક પ્રેમસુખ ડેલૂએ જામનગર જીલ્લાના વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા સુચના કરતા એલ.સી.બી. ના પોલીસ ઇન્સ . વી.એમ.લગારીયા નાઓના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. ના પો.સ.ઇ. આર.કે.કરમટા તથા પો.સ.ઇ. પી.એન.મોરી તથા સ્ટાફના માણસો વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા તથા પ્રોહી જુગારના કેસો શોધી કરવા અંગે જામનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા .દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના હરદીપભાઇ









બારડ તથા મયુરસિંહ પરમારને મળેલ ખાનગી હકિકત આધારે જામનગર શહેરમા રામેશ્વરનગર , નવજીવન સોસાયટીમા મજકુર અજયસિંહ મહોબતસિંહ જાડેજા રહે . રામેશ્વરનગર , માટેલચોક , નવજીવન સોસાયટી , ગુલાબસિંહના મકાનમાં જામનગર વાળાના કબ્જાના મકાન માંથી ઇન્ડેન તથા ભારતગેસ કંપનીના નાના મોટા બાટલા નંગ -૩૬ કિ.રૂ. ૬૧,૦૦૦ તથા ગેસ રીફીલીંગની નોજલ , છકડો રીક્ષા મળી કુલ રૂ. ૧,૬૧,૦૦૦ નો મુદ્દામાલ બિલ આધાર વગરનો મળી આવતા શક પડતી મિલ્કત તરીકે કબ્જે કરી મજકુર ઇસમ વિરૂધ્ધ પોલીસ હેડ કોન્સ હરદીપભાઇ બારડએ કાયદેસર ની કાર્યવાહી કરેલ છે .મજકુરની ગેસ રીફીલીંગ બાબતે પુછપરછ કરતા ગુલાબસિંહ ભીખુભા જાડેજા ના કહેવાથી ગેસ રીફીલીંગ કરતો હોવાનુ જણાવેલ . આ કાર્યવાહી પો.ઇન્સ. વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ. આર.કે.કરમટા તથા પો.સ.ઇ. પી.એન.મોરી તથા એલ.સી.બી. સ્ટાફના સંજયસિંહ વાળા , હરપાલસિંહ સોઢા , ભરતભાઇ પટેલ , નાનજીભાઇ પટેલ , શરદભાઇ પરમાર , દિલીપભાઇ તલવાડીયા , વનરાજભાઇ મકવાણા , ધાનાભાઇ મોરી , હિતેન્દ્રસિંહ જાડેજા , અરજણભાઇ કોડીયાતર , મયુદીનભાઇ સૈયદ , ક્રિપાલસિંહ જાડેજા , કાસમ બ્લોચ , નિર્મળસિંહ જાડેજા , કિશોરભાઇ પરમાર , હરદીપભાઇ બારડ , રૂષીરાજસિંહ વાળા , મયુરસિંહ પરમાર , કલ્પેશભાઇ મૈયડ , ધમેન્દ્રસિંહ જાડેજા , દયારામ ત્રિવેદી , બીજલભાઇ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા , ભારતીબેન ડાંગર વિગેરે દ્વારા કરવામા આવેલ છે

# મોરબીના બેલા ગામ નજીક આવેલ સીરામીકમાંથી બિનહિસાબી ૧૬,૫૦૦ લીટર પેટ્રોલીયમ જથ્થો ઝડપાયો

## મોરબી એલસીબી પોલીસે રૂ.૧૧.૫૫ લાખનો અનધિકૃત પેટ્રોલીયમનો જથ્થો, ટ્રક, બોલેરો સહીત રૂ.૩૧.૬૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે મોરબી-જેતપર રોડ ઉપર બેલા ગામ નજીક આવેલ લાર્સન સીરામીકમાં દરોડો પાડતા પોલીસને અનઅધિકૃત પેટ્રોલીયમ પ્રવાહીનો ૧૬,૫૦૦ કી.રૂ. ૧૧,૫૫,૦૦૦/-નો બિનહિસાબી જથ્થો મળી આવ્યો હતો. આ સાથે પોલીસે સ્થળ ઉપરથી ટ્રક ટેન્કર, બોલેરો ટેન્કર સહીત પેટ્રોલીયમના જથ્થાને હેરાફેરીમાં ઉપયોગમાં લેવાતા તમામ વાહનો તથા સાધનો સહિતનો મુદામાલ કબ્જે લઇ આગળની તપાસ ચલાવી છે.



મોરબી એલસીબી પોલીસ ટીમને સયુંકતમાં ખાનગીરાહે હકિકત મળેલ કે, મોરબી-જેતપર રોડ બેલા ગામ પાસે આવેલ લાર્સન સીરામીક કારખાનાની અંદર અમુક ઇસમો ટ્રક ટેંકર નંબર- GJ-39-T-5238 વાળામાંથી બોલેરો પીકઅપ ટેંકર નં-GJ-06-AZ-7597 વાળામાં ગેરકાયદેસર અનઅધિકૃત રીતે ઇન્ડસ્ટ્રીયલ ઓઇલના નામે ભળતા ભેળસેળ યુકત જવલનશીલ પેટ્રોલીયમ પ્રવાહીનો જથ્થો કાઢી હેરાફેરી કરે છે. જે હકીકતને આધારે લાર્સન સીરામીકમાં રેઇડ કરતા મહેશભાઇ ઉર્ફે ભગવાનજીભાઇ અરજણભાઇ દેત્રોજા ઉવ.૪૨ રહે. મોરબી ન્યુ ચંદ્રેશ સોસાયટી પંચાસર રોડ મુનનગર ચોક તા.જી.મોરબી મુળ ગામ કુંભારીયા તા.માળીયા મિ. જી.મોરબી વાળાના કબ્જામાંથી બીલ કે આધાર પુરાવા વગરનો બિનહિસાબી પેટ્રોલીયમ પ્રવાહીનો ૧૬,૫૦૦ લીટરનો જથ્થો તથા તેને હેરાફેરી કરવા ઉપયોગમાં લેવામાં આવતા વાહનો તથા સાધનો સહીત કુલ કી.રૂ. ૩૧,૬૦,૫૦૦/- નો મુદામાલ કબ્જે લઇ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે જાણવા જોગ નોંધ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# જામનગર જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા હીટવેવ દરમિયાન રક્ષણ મેળવવા અંગેની માર્ગદર્શિકા જાહેર કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં વર્તમાન દિવસોમાં હીટવેવની સંભાવનાઓને જોતા હીટવેવ દરમિયાન શું કરવું અને શું ન કરવું તે અંગે જામનગર જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.



હીટવેવ દરમિયાન શું કરવું જોઈએ?સ્થાનિક હવામાનની આગાહી માટે રેડિયો સાંભળો, ટીવી જુઓ તથા અખબાર વાંચો.પુરતું પાણી પીવું જોઈએ. તેમજ ઘણ્જ લિકવીડ, ઘરે બનાવેલા શુદ્ધ પીણાં જેવા કે લસ્સી, પાકી કેરીનો રસ, કાચી કેરી, લીંબુપાણી, છાશ વગેરનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરવો જોઈએ. જે શરીરને ફરીથી હાયડ્રેટ કરવામાં મદદ કરે છે.

હળવા વજનના, હળવા રંગના, ઢીલા અને છિદ્રાળુ સુતરાઉ કપડાં પહેરવા જોઈએ.શક્ય હોય તેટલું ઘરની અંદર રહેવું. તેમજ તડકામાં બહાર જતી વખતે ગોગલ્સ, શુઝ કે ચપ્પલનો ઉપયોગ કરવો. તમારા માથાને ઢાંકવા માટે કાપડ, ટોપી કે છત્રીનો ઉપયોગ કરવો.તમારા ઘરને ઠંડુ રાખો. ઘરમાં પડદા, શટર કે સનશેડનો ઉપયોગ કરો અને રાત્રિના સમય દરમિયાન બારીઓ ખુલ્લી રાખવી જોઈએ.

હીટ સ્ટ્રોક, હીટ રેશ અથવા હીટ કેમ્પ જેમ કે નબળાઈ, ચક્કર આવવા જેવા સંકેતોને તાત્કાલિક ઓળખો અને તેની તુરંત જ સારવાર કરાવવી જોઇએ. માથાનો દુઃખાવો થવો, ઉબકા ઉલટી, પરસેવો થવો, બેભાન થઈ જવું અથવા તમે બીમાર છો, તો તુરંત જ ડોક્ટરનો સંપર્ક સાધવો જોઈએ.પ્રાણીઓને છાંયડામાં રાખો અને તેમને પીવા માટે પુષ્કળ પાણી આપો.સગર્ભા કામદારો અને નબળું સ્વાસ્થ્ય ધરાવતા કામદારો પર વધારે ધ્યાન આપવું જોઈએ.હીટવેવ દરમિયાન શું ના કરવું જોઈએ?.તડકામાં બહાર જવાનું ટાળવું જોઈએ. ખાસ કરીને બપોરના ૧૨:૦૦ કલાકથી ૦૩:૦૦ કલાકની વચ્ચે બહાર ના નીકળવું જોઈએ.

ઘાટા રંગના, ભારે અથવા ચુસ્ત કપડાં પહેરવાનું ટાળો.જ્યારે બહારનું તાપમાન વધારે હોય ત્યારે ભારે પરિશ્રમવાળી પ્રવૃત્તિઓ ટાળવી જોઈએ.બપોર દરમિયાન ૧૨:૦૦ કલાકથી ૦૩:૦૦ કલાકની વચ્ચે બહાર કામ કરવાનું ટાળો.ખુલ્લા પગે બહાર અવર જવર ના કરવી જોઈએ.પીક અવર્સ દરમિયાન રસોઈ કરવાનું ટાળો. રસોડામાં પૂરતા પ્રમાણમાં હવાની અવર-જવર માટે દરવાજા અને બારીઓ ખુલ્લી રાખવી જોઈએ.બાળકો અથવા પાલતુ પ્રાણીઓને પાર્ક કરેલા વાહનોમાં છોડશો નહીં. કારણકે તેઓ હીટવેવથી પ્રભાવિત થઈ શકે છે.આલ્કોહોલ, ચા, કોફી અને કાર્બોરેટેડ સોફ્ટ ડ્રીંક્સ પીવાનું ટાળવું જોઈએ. આ પ્રકારના પીણાં શરીરને ડિહાયડ્રેટ કરે છે.ઉચ્ચ પ્રોટીન ધરાવતો ખોરાક ટાળો અને વાસી ખોરાકનું સેવન ના કરવું જોઈએ.હાલમાં ઉનાળાની ઋતુમાં હીટવેવથી બચવા માટે સમગ્ર જામનગર જિલ્લાના નાગરિકો અત્રે જણાવ્યા અનુસાર જાગૃતિના પગલાં લઈ પોતાનું જીવન સુરક્ષિત બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર તરફથી ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

આ બાબતે કોઈપણ મુશ્કેલી જણાય તો ડીસ્ટ્રીકટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, જામનગરના સંપર્ક નંબર ૦૨૮૮-૨૫૫૩૪૦૪ અને ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર-૧૦૭૭ પર સંપર્ક સાધી શકાશે. સર્વે નાગરિકોને આ માર્ગદર્શિકાનું પાલન કરવા માટે નિવાસી અધિક કલેકટર બી.એન.ખેર, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઉપલેટામાં રૂપિયા પાંચ લાખ એંસી હજારના ચેક રીટર્નના કેસમાં આરોપીને નિર્દોષ છોડી મુકતી હુકમ કોર્ટ

**મુખ્ય સમાચાર, વિજય રાડીયા**

ઉપલેટા કોર્ટમાં આરોપી તરફે રોકાયેલ એડવોકેટની દલીલો અને રજૂ રખાયેલ ચુકાદાઓને કોર્ટે ગ્રાહ્ય રાખી કોર્ટે નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે.





ઉપલેટામાં ચેક રીટર્ન કેસમાં ઉપલેટા કોર્ટ દ્વારા આરોપીને નિર્દોષ જાહેર કરીને થી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ - ૧૩૮ ના ચાલેલા કેસમાં નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કર્યા હોવાનું સામે આવ્યું છે.

આ કેસની વિગતો આપતા આરોપી તરફે રોકાયેલ એડવોકેટ પિન્ટુભાઈ જી. મેઘાણીએ જણાવ્યું છે કે ઉપલેટાનાએ સિધ્ધી વિનાયક પ્રોજેકટના પ્રોપ્રાઈટર જેન્તીભાઈ પીઠાભાઈ મકવાણા દ્વારા રૂપિયા પાંચ લાખ એંસી હજાર પુરાના ચેક રીટર્ન અંગેનો કેસ ઉપલેટાની નામદાર અદાલતમાં દાખલ કરાયો હતો. જેના ફોજદારી કેસ નં.૧૮૧૫/૨૦૨૨ થી ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ - ૧૮૮૧ ની કલમ - ૧૩૮ મુજબ રૂપિયા પાંચ લાખ એંસી હજાર પુરાનો ચેક રીટર્નની ફરિયાદ કરાયેલ હતી. આ ઉપરોકત ફરિયાદ ઉપલેટાના મહેરબાન જયુડી. મેજી. (હ.ક.) જજ એ. એ. દવેની કોર્ટમાં ચાલી જતા નામદાર અદાલત દ્વારા આરોપીને નિર્દોષ છોડી મુકતો હુકમ કર્યો છે.

આ કેસની કાર્યવાહીમાં શ્રી રંગ અમી કાર્ટીંગના પ્રોપ્રાઈટર પ્રતિકભાઈ અશોકભાઈ માછી- આરોપી તરફેના એડવોકેટ દ્વારા રજૂ રાખવામાં આવેલ નામદાર હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટના જુદા-જુદા ચુકાદાઓ ધ્યાને લઈ તેમજ ગ્રાહ્ય રાખીને ઉપલેટાના મહે. જયુડી. મેજી. (ફ. ક.) એ. એ. દવે સાહેબ દ્વારા શ્રી રંગ અમી કાર્ટીગના પ્રોપ્રાઈટર પ્રતિકભાઈ અશોકભાઈ માછીને નેગો. ઈન્સ્ટુ. એકટ કલમ - ૧૩૮ માં નિર્દોષ જાહેર કરી છોડી મુકતો હુકમ કર્યો છે.

જેમાં આરોપી રંગ અમી કાર્ટીંગના પ્રોપ્રાઈટર પ્રતિકભાઈ અશોકભાઈ માછી તરફે ઉપલેટાના એડવોકેટ બાબુલભાઈ જુણેજા, એડવોકેટ પિન્ટુભાઈ જી. મેઘાણી તથા એડવોકેટ નિમિતભાઈ પાનસરા તથા એડવોકેટ નિરવ શુકલ રોકાયેલ હતાં.

# મોરબી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા કરાઓકે સંગીત સંધ્યા કાર્યક્રમનુ આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

સમસ્ત બ્રહ્મસમાજ - મોરબી દ્વારા કરાઓકે સંગીત સંધ્યા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.





સમસ્ત બ્રહ્મસમાજ - મોરબીનાં જણાવ્યા અનુસાર, કરાઓકે સિંગીંગ એ નવી ટેકનીક અને ટેકનોલોજીનું નવા જમાનાનું ગાયન સ્વરુપ છે જેના દ્વારા બ્રહ્મ કલાકારોને મંચ મળે અને બ્રહ્મ બંધુ ભગીનીઓને મનોરંજન મળે એ હેતુથી શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મોરબી દ્વારા કરાઓકે સંગીત સંધ્યા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ આગામી મે/જુન મહિનામાં યોજાશે. તેમજ કાર્યક્રમમાં કોઈપણ ઉંમરના મોરબી શહેરના બ્રહ્મ પરિવારના ભાઈ બહેનો ભાગ લઈ શકશે. કાર્યક્રમમાં ભાગ લેવા માટે કલાકારે પોતાનું નામ, સરનામું, ઉંમર, સંપર્ક નંબર સહિતની વિગતો સાથે કોઈપણ એક ગીતનું વિડિયો રેકોર્ડિંગ સંસ્થાના પ્રમુખ રવીન્દ્રભાઈ ત્રિવેદીને ૮૭૮૦૨૮૭૨૨૦ પર તારીખ ૩૦/૦૪/૨૦૨૪ સુધીમાં પહોંચાડવાનું રહેશે. આયોજકો એન્ટ્રીની સંખ્યા તથા સમય મર્યાદાને ધ્યાને લઈ જે નિર્ણય કરશે તે આખરી રહેશે. તેમજ સંગીત સંધ્યાનું સ્થાન, તારીખ, સમય વગેરે વિગતો હવે પછી જાહેર કરવામાં આવશે. તેમ સમસ્ત બ્રહ્મસમાજ - મોરબી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# ઘેલા સોમનાથ મંદિર ખાતે દિવ્યાંગ મતદારોનો મતદાન જાગૃતિનો કાર્યક્રમ યોજાયો

## મતદાન શપથ અને અન્ય લોકોને પણ મતદાન માટે જાગૃત કરવા અપીલ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા ચૂંટણી - ૨૦૨૪ અન્વયે આગામી તા. ૦૭ મે ના રોજ ગુજરાતમાં મતદાન થવા જઈ રહ્યું છે. ૧૮ વર્ષથી ઉપરના તમામ મતદાતા તેઓનો અમૂલ્ય મત આપી મતદાનની ફરજ નિભાવે તે અર્થે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સ્વીપ દ્વારા જિલ્લામાં મતદાન જાગૃતિ અર્થે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જેના ભાગરૂપે ઘેલા સોમનાથ મંદિર ખાતે દિવ્યાંગ મતદારોની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું .જેમાં આશરે ૪૦ જેટલા દિવ્યાંગ મતદારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ તકે સૌ મતદારોને મતદાન અંગે માહિતી પુરી પાડતા પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સૌ મતદાર દ્વારા મતદાન કરશે તે અંગે શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા. દિવ્યાંગ મતદારોએ ''અવસર લોકશાહીનો'' થીમ સાથેના ટીશર્ટ પહેરીને ૭૨ - જસદણ વિધાનસભા વિસ્તારના તમામ મતદારોને મતદાન કરવા માટે અપીલ કરી હતી.

લોધીકા તાલુકાના પારડી ગામે મહિલા મતદારોમાં મતદાન પ્રત્યે જાગૃતિ અર્થે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનોને માર્ગદર્શન આપ્યું હતું. આ તકે બહેનોને મતદાન અંગે શપથ લેવડાવવામાં આવ્યા હતાં.

# રાજકોટ સંસદીય વિસ્તારમાં સમાવિષ્ટ ઈન્ડસ્ટ્રીઝના ૧૫૦૦ કર્મચારીઓએ મતદાન કરવાના શપથ ગ્રહણ કર્યા

## મહિલા મતદાતાઓની ભાગીદારી વધે તે માટે ''ચુનાવ પાઠશાળા'' અન્વયે બહેનોને મતદાન કરવા સમજાવ્યા







**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકશાહીના અવસરમાં વધુને વધુ લોકભાગીદારી નોંધાય તે માટે ઠેર ઠેર મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. જેમાં રાજકોટ સંસદીય મતવિસ્તારના ૭૧-રાજકોટ ગ્રામ્ય, કોટડાસાંગાણી તાલુકાના પડવલા, કરમાળ પીપળીયા, શાપર, ખારચિયા, પારડી, કાંગશિયાળી ગામ, ચીભડા, પડધરી સહિતના વિસ્તારોમાં મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતુ.

૭૧-રાજકોટ ગ્રામ્ય અને કોટડાસાંગાણી તાલુકાના પડવલા ખાતેની નવી કન્યા શાળામાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ ''ચુનાવ પાઠશાળા'' અન્વયે ગ્રામજનોને ચૂંટણી, મતદાન પ્રક્રિયા, ઈ.વી.એમ. સહિતની માહિતી આપી હતી. તેમજ કોટડાસાંગાણી ખાતે કાર્યરત સખી મંડળ દ્વારા કરમાળ પીપળીયા અને શાપર ખાતે વધુને વધુ મતદાતાઓ ભાગ લે તે માટે મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. રાજકોટ તાલુકાના ભાગ નં. ૨૩૧ મકનપર, ભાગ નં. ૨૩૨- ખારચિયા -૨, ભાગ નં. ૨૩૪ - ભંગડા, લોધીકા તાલુકાના પારડી ગામ, ૬૭- વાંકાનેર વિધાનસભા મતવિસ્તાર, રાજકોટ તાલુકાના ગૌરીદડ આંગણવાડી ખાતે, કાંગશિયાળી ગામ સહિતના ગામોના ગ્રામજનો દેશ મહાપર્વમાં ભાગ લે માટે પ્રેરિત કરાયા અને સર્વેને મતદાન કરીશ અને કરાવીશના શપથ ગ્રહણ કરાવ્યા હતા.

લોધિકા તાલુકાના ચીભડા ગામ સ્થિત સિલ્વર પંપ મોટર ઈન્ડસ્ટ્રીઝ ખાતે મામલતદારશ્રીની અધ્યક્ષતામાં આશરે ૧૫૦૦ના સ્ટાફને મતદાન કરવા પ્રેરિત કરાયા અને ઈન્ડસ્ટ્રીઝના સ્ટાફને મતદાનના દિવસે રજા આપવામાં આવશે. ઉપસ્થિત તમામને અચૂક મતદાનના શપથ લેવડાવ્યા હતા.

૬૬ ટંકારા વિધાનસભા મતવિસ્તારના પડધરી તાલુકામાં મહિલાઓનું મતદાન પુરૂષની સરખામણીએ ૧૦% કરતા ઓછું હોય તેવા મતદાન મથક નં.- ૨૦૬,૨૦૭ થોરીયાળી ગામ ખાતે વધુને વધુ મહિલા મતદાતાઓની ભાગીદારી તે માટે ''ચુનાવ પાઠશાળા''નું આયોજન કરવામાં આવ્યું હતુ. આ તકે પડધરીના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બી.એલ.ઓ.શ્રી, આંગણવાડીની બહેનો, મધ્યાન ભોજન યોજનાના કર્મચારીઓ તેમજ ગામની બહેનોએ મતદાન કરવાના શપથ ગ્રહણ કર્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જય જય શ્રીરામના ગગનભેદી નારા સાથે રામલલાની નીકળી ભવ્ય શોભાયાત્રા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજે દેશભરમાં રામનવમીનાં તહેવારની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ઠેર–ઠેર ધર્મસભા તેમજ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે રાજકોટમાં પણ વિશ્વ હિંદુ પરિષદ દ્વારા નાણાવટી ચોક ખાતે ભવ્ય ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પછી વિશાળ શોભાયાત્રા નીકળી હતી. રૈયા ચોકડી ખાતે ભાજપનાં લોકસભા ચૂંટણીનાં ઉમેદવાર પરશોત્તમ રૂપાલા દ્વારા શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શોભાયાત્રા પહેલા શહેરના નાણાવટી ચોક ખાતે વિશ્વ હિંદુ પરિષદ દ્વારા ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પણ હજારોની સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. તો શોભાયાત્રામાં વિવિધ ફ્લોટ્સ લોકોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. મોટી સંખ્યામાં લોકો શોભાયાત્રામાં જોડાયા હતા. આ શોભાયાત્રા શહેરનાં મુખ્ય માર્ગો ઉપર ફરશે અને ઠેર–ઠેર શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

## રીબડા પાસે મામાનો ભાણેજના કારખાનામાં ઝેરી દવા પી આપઘાત

### સુરતથી ગોમટા આવેલા પ્રૌઢે અંતિમ પગલું ભરી લેતા પરિવારમાં ઘેરો શોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મૂળ સુરતના વતની અને હાલ ગોંડલના ગોમટા ગામે આવેલા આધેડે રીબડા ખાતે આવેલા ભાણેજના કારખાનામાં કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી આત્મઘાતી પગલું ભરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ સુરત ખાતે રહેતા શૈલેષભાઈ ગિરધરલાલ ગોજારીયા નામના ૫૮ વર્ષના આધેડ રીબડા ખાતે આવેલા ભાણેજના શ્રીનાથજી એન્જિનિયર નામના કારખાનામાં હતા ત્યારે સાંજના સાડા પાંચેક વાગ્યાના અરસામાં ઝેરી દવા પી લીધી હતી શૈલેષભાઈને ઝેરી અસર થતા બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર કારગત નિવડે તે પૂર્વે ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગોંડલ પોલીસને જાણ કરતા ગોંડલ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી આધેડના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક શૈલેષભાઈ ગોજારીયા મૂળ સુરતના વતની છે. અને છેલ્લા એકાદ મહિનાથી ગોંડલના ગોમટા ગામે આવ્યા હતા અને રીબડા ખાતે આવેલા ભાણેજના કારખાનામાં ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ગોંડલ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સોખડા ગામે પોલીસમાં ફરિયાદ કર્યા નો ખાર રાખી યુવાન પર પિતા પુત્રનો હુમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે સાત હનુમાન પાસે આવેલા સોખડા ગામે અગાઉ પોલીસમાં કરેલી ફરિયાદનો ખાર રાખી યુવાનને પાડોશી પિતા પુત્ર એ માર મારતા સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટની ભાગોળે સોખડા ગામે રહેતો નિલેશ મનોજભાઈ સોલંકી નામના યુવાને કુવાડવા રોડ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે સાત અનુમાન મંદિર પાછળ આવેલ વિસ્તારમાં રહેતો કલ્પેશ સોમા જાદવ અને તેના પિતા સોમા જા દવે અગાઉ યુવાનની માતા ભાવનાબેન ને માર માર્યો હોય જેની પોલીસમાં ફરિયાદ કરી હોય જેનો ખાસ રાખી ગઈકાલે બંને પિતા પુત્રોએ ઝઘડો કરી લોખંડ ના પાઇપ વડે હુમલો કરી માર મારી વાહનમાં તોડફોડ કરી નુકસાન કરતા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે કુવાડવા રોડ પોલીસ મથકના પી.એસ.આઇ. આઈ એ ભટ્ટી એ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

## નાગેશ્વર પાસે એપાર્ટમેન્ટમાં યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાતઃ અરેરાટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર નાગેશ્વર મંદિર પાછળ શંખેશ્વર એપાર્ટમેન્ટમાં રહેતા ૨૨ વર્ષી ય કોલેજિયન યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી છે.

આ અંગેની માહિતી મુજબ પ્રથમ બનાવમાં નાગેશ્વર મંદિર પાછળ શંખેશ્વર એપાર્ટમેન્ટ બ્લોક નંબર ૪૦૪ માં રહેતા હિરેન જયેશભાઈ લશ્કરી નામના ૨૨ વર્ષીય યુવાને પોતાના ઘરે પંખાના હુકમાં પ્લાસ્ટિકની દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો જે અંગેની જાણ થતા ગાંધીગ્રામ પોલીસને દોડી આવી હતી અને મૃતદેહને પીએમ અર્થે ખસેડી તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, આપઘાત કરી લેનાર હિરેન બે ભાઈ માં મોટો હતો અને ધ્રોલમાં આવેલી કોલેજમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતો હતો. હિરેનના માતાએ નલીનભાઈ સાથે બીજા લગ્ન કર્યા હતા જેથી હિરેન અને તેનો ભાઈ તેની સાથે રહેતા હતો. પરંતુ આપઘાત પાછળનું કારણ બહાર ન આવતા પોલીસ તે દિશામાં તપાસ શરૂ કરી છે.

## ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાશે

### આગામી બુધવારથી રવિવાર સુધી આ કાર્યક્રમ રોજ માણવા મળશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા.૧૭/૦૪/૨૪બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે એ.આર.મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તા.૧૯/૦૪/૨૪શુક્રવારનાં રોજ ૫:૩૦ કલાકેકેસુર સંગીત કી સરગમદ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે.અને તા.૨૦/૦૪/૨૪ શનિવારનાં રોજ ૫:૩૦ કલાકેફેન્ડસ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે.તા.૨૧/૦૪/૨૪રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકેદિલ સુંદર મ્યુઝીકલ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે.જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના તમામ સભ્યોએ આઈ કાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈ કાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે.તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા,સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, આશિષભાઈ રાઠોડ, સલીમભાઈ જેઠા, નીલાબેન હિંડોચા અને દિલીપભાઈ સોનીઉઠાવી રહ્યા છે.

## દિકરા અને વહુનાં ત્રાસથી કંટાળીને ઘરેથી નીકળી ગયેલ ૬૫ વર્ષના વૃદ્ધાનું તેના પરિવાર સાથે મિલન કરાવતી ટીમ અભયમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તા. ૧૬/૦૪/૨૦૨૪ ના રોજ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન માં વૃદ્ધાના દિકરી દ્વારા કોલ કરવામાં આવેલ કે મારા માજીને મારા ભાઈ અને મારા ભાભી દ્વારા માજીને હેરાન કરવામાં આવે છે તેથી માજી ઘરેથી નીકળી ગયા છે અને રસ્તા માં બેઠા છે તેમજ કોઈનું માનતા નથી અને આમતેમ દોડાદોડી કરે છે તેમજ ખૂબ જ રડે છે અને ગભરાયેલી હાલતમાં છે અને તેઓ ચિંતામાં છે તેમની મદદ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનની જરૂર છે.

જેના પગલે ૧૮૧ ટીમના કાઉન્સિલર જાગૃતિ ભુવા મહિલા કોન્સ્ટેબલ જ્યોત્સનાબેન પરમાર તેમજ પાયલોટ પ્રદિપભાઇ ઘટના સ્થળે વૃધ્ધાની

CALL 181
WOMEN HELPLINE
ADVICE • RESCUE • COUNSELING

મદદ માટે પહોંચ્યા હતા વૃદ્ધાને સુરક્ષિત જગ્યાએ બેસાડેલા હતાં સૌપ્રથમ વૃદ્ધાને સાંત્વના આપવામાં આવી તેમજ ૧૮૧ ટીમ દ્વારા વૃદ્ધા સાથે વાતચીત કરી અને પ્રાથમિક માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો.

ત્યારબાદ વૃદ્ધાનું કાઉન્સિલીગ કરતા તેમણે જણાવેલ કે વૃદ્ધા તેમના દિકરા અને વહુ અને બાળકો સહિતના પરિવાર સાથે રહે છે વધુમાં વૃદ્ધાએ જણાવેલ કે વૃદ્ધાને ચાર દિકરા અને એક દિકરી એમ પાંચ સંતાનો છે પરંતુ બે દિકરા મૃત્યુ પામ્યા અને બે દિકરા અને વહુ સાથે રહેતા હતા વૃદ્ધાએ જણાવેલ કે દિકરા અને વહુ સાચવતા ના હોવાથી કંટાળીને ઘરેથી નીકળી ગયાં હતાં વૃદ્ધા પાસેથી બધા પૈસા તેમના દિકરા લઈ ગયા હતા અને વારંવાર પૈસા માંગતા હતા વૃદ્ધા પાસે પૈસા ન હતા તેથી ઘરમાં રાખતા ન હતા અને જમવાનું પણ આપતા ન હતા અને વૃદ્ધા સાથે મારઝુડ કરતા હતા અપશબ્દો બોલતા હતા માટે વૃદ્ધા કોઈને પણ જાણ કર્યા વિના કંટાળીને ઘરેથી નીકળી ગયાં હતાં ૧૮૧ ટીમ દ્વારા વૃદ્ધાને આશ્વાસન આપેલ તેમજ ઘરેથી ન નીકળવા બાબતે લાંબી સમજાવટ આપવામાં આવેલ.

ત્યારબાદ વૃદ્ધાની વાત સાંભળી તેમનું સરનામું પુછેલ સરનામું બરોબર લાગતા વૃદ્ધાના ઘરનું સરનામું મેળવી તેમના દિકરાનો સંપર્ક કરી વૃદ્ધાને સહી સલામત તેમના દિકરા ના ઘરે સોંપવામાં આવ્યાં હતાં અને તેમના દિકરાનું કાઉન્સિલીગ કરતા જાણવા મળ્યું હતું કે વૃદ્ધા ઘરેથી વારંવાર જાણ બહાર ઘરેથી નીકળી જાય છે.અને તેમની માનસિક સ્થિતિ અસ્વસ્થ હોવાના કારણે જેટલી દવાઓ હોય એટલી બધી જ દવા વૃદ્ધા એક સાથે પી જાય છે તેથી વૃદ્ધાને કાંઈ યાદ રહેતું નથી.

૧૮૧ ટીમ દ્વારા વૃદ્ધાના દિકરા અને વહુ ને જણાવેલ કે તેઓ વૃદ્ધા નું ધ્યાન રાખે અને સાર સંભાળ રાખે તો વૃદ્ધા તબિયત સારી થઈ જાય તેમજ વૃદ્ધા સાથે મારઝુડ કરવી અને અપશબ્દો બોલવા એ કાયદાકીય રીતે ગુનો છે. ત્યારબાદ ૧૮૧ ટીમ દ્વારા સલાહ સુચન અને માગેદશેન આપેલ તેમજ પોલીસ સ્ટેશન વિશે કાયદાકીય માહિતી આપેલ વૃદ્ધા સાથે ગેરવર્તન ન કરવા અને તેમનું ધ્યાન રાખવા તેમના દિકરાને જણાવેલ જેને લઈ તેમના દિકરા અને વૃદ્ધાએ અભયમ ટીમનો આભાર વ્યક્ત કર્યો છે.

## મીલપરામાં લૂંટ વિથ મર્ડર કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

### ચૌદ વર્ષ પહેલાં બનેલા બનાવમાં આરોપીઓ સામે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી કોર્ટે હુકમ કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મીલપરામાં આવેલી ટ્રાવેલ્સ એજન્સીમાંથી કાર ભાડે કરીને ડ્રાઇવરોની હત્યા નિપજાવી, કાર લૂંટી લેવાના કેસમાં કોર્ટ આરોપીઓ સામે ઠોસ પુરાવાના અભાવે શંકાના આધારે નિર્દોષ જાહેર કર્યો હતા. આ કેસની હકિકત મુજબ, તા.૨/૫/૨૦૦૮ના રોજ ટ્રાવેલ્સ કંપનીની કાર લઈ ડ્રાઈવર ચંદુભાઈ ભોજક સુરજીતસિગને પેસેન્જર તરીકે બેસાડી ભાવનગર જવા રવાના થયેલ. રસ્તામાં સોનગઢથી વીરનગર વચ્ચે તીક્ષ્ણ હથિયારથી ચંદુભાઈની હત્યા નિપજાવી, વીરનગર પાસે લાશ ફેંકી આરોપીઓ કાર લઈ ફરાર થઈ ગયા હતાં. ફરિયાદ નોંધાતા જસદણ પોલીસે સુરજીતસિહ મહેન્દ્રસિંગ, જગદીશ ઉર્ફે જગો ધીરૂભાઈ પટેલ, પરેશ ઉર્ફે પી.પી.મગનલાલ સાવલીયા ધરપકડ કરાઈ હતી. જામીન બાદ સુરજીતસિંગ નઆસતો-ફરતો હોય જેથી બીજા બે આરોપીઓ સામે કેસ અલગથી ચાલ્યો હતો. બંને આરોપીના વકીલો દ્વારા મૌખીક અને લેખીત દલીલ કરવામાં આવી હતી કે, ફરિયાદ પક્ષ આરોપીઓ સામે આ કેસમાં ગુનો સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય જેથી બંનેને નિર્દોષ જાહેર કરી છોડી મૂકવા જોઈ. બંનેના વકીલોએ કરેલી રજુઆતોને ધ્યાને લઇને ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ આર.ટી. વચ્છાણીએ બંને આરોપીઓ સામેનાં ગુનાના કામેથી પુરતા અને વિશ્વસનીય પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી જગદીશવતી એડવોકેટ એમ. જે.આર્યાય, નિરવ રૂપારેલીયા, કૌશીક સોઢા, મનોજ સોલંકી અને આરોપી પરેશ વતી લીગલ એઈડમાં નિમાયેલ એડવોકેટ અશ્વિન જે.પોપટ અને કલ્પેશ એન.વાઘેલા રોકાયેલ હતાં.

## જામનગરના વેપારી સાથે કરોડોની છેતરપીંડી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં છેતરપીંડી અને વિશ્વાસઘાતના કિસ્સાઓ અન્ય ગુન્હાઓ સાથે સતત વધી રહ્યા છે , એવામાં જામનગરના એક વેપારીને ખેત ઉત્પાદનની જણસોના લે વેચ સહિતના સોદાઓ કરી અને પૈસાની ચુકવણી ના કરનાર રાજકોટ ખાતે વસવાટ કરતા પિતાપુત્ર સહીત ત્રણ ઈસમો સામે પંચકોશી બી ડીવીઝન પોલીસ મથકમાં છેતરપીંડી વિશ્વાસઘાત બોગસ ડોક્યુમેન્ટ બનાવવા સહિતની કલમો હેઠળ ગુન્હો નોંધાયો છે જેની જાહેર થયેલ વિગતો એવી છે કે જામનગર શહેરના પારસ સોસાયટીમાં વસવાટ કરતા હિરેનભાઇ વિજયભાઇ કોટેચા જામનગરના હાપા માર્કેટીંગ યાર્ડ રોડ , સેન્ટ્રલ વેરહાઉસની સામે , પોતાનો વ્યવસાય ચલાવે છે . તેમનો સંપર્ક થોડા સમય પૂર્વે હેમંત મોહનભાઇ દાવડા , રવી હેમંતભાઇ દાવડા રહે - બન્ને રાજકોટ , જલારામ -૦૨ , ઇન્દીરા સર્કલ , સામે થયો હતો અને આ પિતા પુત્રએ ફરીયાદી હિરેન કોટેચા સાથે અલગ અલગ સમયે ખેત ઉત્પાદનની જણસોની વહેચાણ અને ખરીદીના સોદા કરેલ અને આ લે - વહેચના સોદાઓ દરમ્યાન ફરીયાદી હિરેનભાઈને આજદિન સુધી કુલ અગીયાર કરોડ , અઢાર લાખ , અઠીયાવીસ હજાર , ચારસો ત્રેસઠ રૂપીયા લેવાના નિકળતા હોય જે રૂપીયાની ફરીયાદી હિરેન કોટેચાએ વારંવાર ઉઘરાણી કરતા તે નીકળતી લેણી રકમ ચુકવતા ન હોય અને અંતે પલક કીરીટભાઇ રૂપારેલ રહે- રાજકોટ , જલારામ -૨ , ઇન્દીરા સર્કલ પાસે , ફરીયાદી હિરેનને વોટ્સેપમા પાંચ કરોડ અઠયાવીસ લાખ છવીસ હજાર એકોતેર રૂપીયા આર.ટી.જી.એસ. થી જમા કરાવેલ છે એવી ત્રણ પોહચો અને ખોટુ બેન્ક સ્ટેટમેન્ટ ફરીયાદીને મોકલી દીધા હતા જે ખરાઈ કરતા બોગસ હોવાનું સામે આવ્યું હતું આમ ત્રણેય આરોપીઓએ હિરેન કોટેચાની લેણી નિકળતી રકમ તેને ના ચુકવવાના ઇરાદે વિશ્વાસઘાત અને છેતરપીંડિ અને ઠગાઇ કરવાના ઇરાદે ખોટા ડોક્યુમેન્ટ બનાવી અને ફરીયાદીના બેન્ક ખાતામા નાણા મોકલ્યા અંગેની ખોટી પહોચ બનાવી ત્રણે આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરિયાદી હિરેન કોટેચા સાથે કુલ રૂ .૧૧,૧૮,૨૮,૪૬૩ રૂપીયાની છેતરપીંડી વિશ્વાસઘાત કર્યા અંગેની ફરિયાદ પંચકોશી બી ડીવીઝન પોલીસ મથકમાં નોંધાતા પ્રોબેશનલ ઈડજ અજય મીણા દ્વારા સમગ્ર મામલાની તપાસ હાથ ધરવામાં આવી રહી છે .

## મુસાફરોની કિંમતી મત્તા ચોરતી ટોળકી ઝબ્બે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ગોકુલનગર વિસ્તારમાં આવેલ રામનગર શેરી નં. ૫ માં રહેતા પોલાભાઈ કરશનભાઈ અસવાર ઉ.૭૦ નામના વૃધ્ધ ગત તા.૧૩ના રોજ પેસેન્જર રીક્ષામાં સમર્પણ હોસ્પિટલથી ગોકુલનગર તરફ જતા હતા. ત્યારે રેલ્વે ફાટક, શંકરના મંદિર પાસે પહોચતા રીક્ષાચાલકે પોતાની બાજુમાં બેઠેલ




પેસેન્જરને પાછળની સીટમાં મોકલી જેમા અગાઉથી જ બે પેસેન્જર અને ફરિયાદી બેઠા હતા. આગળની સીટવાળાને પાછલી સીટમાં બેસાડતા ગીર્દી કરી ધકક્કામુકી કરી આ વેળાએ ફરિયાદી પોલાભાઈના ગળામાં રહેલી તુલશીના દાણાવાળી સોનાની કંઠી આશરે ત્રણેક તોલા વજનની જેની અંદાજે કિ.૧.૬૦ લાખની જે ત્રણેક વર્ષ પહેલા લીધી હતી, આ કંઠી રીક્ષાચાલક તથા તેની સાથેના અજાણ્યા માણસ ગળામાંથી કાપી ચોરી કરીને લઈ જઈ એકબીજાને મદદગારી કરી હતી.પોલાભાઈ અસવાર દ્વારા આ અંગે સીટી-સી ડીવીઝનમાં રીક્ષાચાલક તથા તેની સાથેના અજાણ્યા શખ્સે વિરુધ્ધ ફરીયાદ નોંધાવી હતી.જેની તપાસ પીએસઆઈ વી.બી. બરબસીયા ચલાવી રહ્યા છે.

## ઉપલેટામાં તા. ૧૯ એપ્રિલ પરમ પૂજ્ય સંત શ્રી બ્રહ્મચારી બાપુની ૫૪મી નિર્વાણતિથિની થશે ભવ્ય ઉજવણી

### દિવસ દરમિયાન યજ્ઞ, બટુક ભોજન, પ્રશાદ તેમજ રાત્રે રામધુનનું કરવામાં આવ્યું આયોજન

**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

**ઉપલેટાઃ** ઉપલેટા શહેરમાં ગાધા ઈસરા રોડ પર આવેલ પુજ્ય બ્રહ્મચારી બાપુની જગ્યા ખાતે આગામી ચૈત્ર સુદ ૧૧, તારીખ ૧૯ એપ્રિલ ૨૦૨૪ ને શુક્રવારના રોજ પરમ પૂજ્ય સંત શ્રી બ્રહ્મચારી બાપુની ૫૪ (ચોપનમી) તિથીની ભાવપૂર્વક અને ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે જેમાં ઉજવણીના ભાગરૂપે દિવસ દરમિયાન અને રાત્રે વિવિધ પ્રકારે ઉજવણી માટેના આયોજન કરવામાં આવ્યા છે.




ઉપલેટામાં પુજ્ય શ્રી બ્રહ્મચારી બાપુની ૫૪ મી પુણ્યતિથી નિમિતે સવારે ૦૮:૦૦ કલાકે યજ્ઞ, ૦૯:૦૦ કલાકથી બાળકો માટેના બટુક ભોજનનું આયોજન કરેલ છે જેમાં ઉપલેટાની તમામ શાળાના તેમજ ઉપલેટાના અન્ય બાળકોને બટુક ભોજન કાવવામાં આવશે. બપોરે ૦૪:૦૦ વાગ્યે હવનનું બીળુ હોમાશે, ૦૪:૩૦ કલાકે સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન, સાંજે પ્રસાદનું આયોજન, રાત્રે ૦૯:૦૦ વાગ્યે રામધુનનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે ઉપલેટા પંથકની તમામ ધર્મપ્રેમી જનતાને ચૈત્ર સુદ ૧૧, તારીખ ૧૯ એપ્રિલ ૨૦૨૪ ને શુક્રવારના રોજ પૂજ્ય સંત શ્રી બ્રહ્મચારી બાપુની ૫૪ મી તિથિની આ ઉજવણીમાં સહભાગી થવા અને ભોજન પ્રસાદ લેવા અહિયાના ટ્રસ્ટના પ્રમુખ ઉકાભાઈ બારૈયાએ પોતાની યાદીમાં જણાવ્યું છે.

# પોલીસના મારથી મૃત્યુ પામેલા યુવાનની લાશ હોસ્પિટલ ચોકમાં રાખી અનુ. જાતિના લોકોનો હંગામોઃ ચક્કાજામ કરી વાહનોમાં તોડફોડ

## ડીસીપી દેસાઈ સહિતના ઉચ્ચ અધિકારીઓએ ન્યાયની બાહેંધરી આપતા પરિવારજનોએ લાશ સ્વીકારી લીધી





(તસ્વીરઃ આનંદ જાવિયા)


**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ પર એસ.ટી. વર્કશોપ વિસ્તારમાં પાડોશીના ઝઘડામાં સમજાવવા ગયેલા આંબેડકરનગરના યુવકને પોલીસ સ્ટેશને લઈ જઈ ઢોરમાર મારતા તેનું મોત નીપજતાં તેના પરિવારજનોએ મૃતદેહને હોસ્પિટલ ચોકમાં લઈ જઈ ચક્કાજામ બાદ પથ્થરમારો કરી વાહનોમાં તોડફોડ કરતા ડીસીપી સહિતનો પોલીસ કાફલો દોડી જઈ હત્યામાં આરોપી એએસઆઈ સહિત આરોપીઓની ૪૮ કલાકમાં ધરપકડ કરવાની બાંહેધરી આપતા પરિવારજનોએ લાશ સ્વીકારી હતી.

આ અંગેની માહિતી મુજબ આંબેડકરનગરમાં રહેતા ગીતાબેન હમીરભાઇ રાઠોડ ઉર્ફે ગોપાલભાઈએ ફરિયાદ કરી હતી. જેમાં તા.૧૪ના રોજ રાત્રીના તેની બાજુમાં ખોડિયારનગરમાં રહેતા રાજુભાઇ સોલંકી અને તેના પુત્ર જયેશને પાડોશી સાથે માથાકૂટ થતાં જયેશ તેના ઘેર આવી પાડોશીએ પોલીસ બોલાવી હોવાનું જણાવ્યું હતું અને તેને સમજાવવા માટે ઘેર આવ્યો હતો. જેથી તેના પતિ હમીરભાઇ તેની સાથે ગયા હતા ત્યાર બાદ તેના પુત્ર અરમાને ઘેર આવી વાત કરી હતી કે, પપ્પાને માર મારી પોલીસ ગાડીમાં લઇ ગઇ હતી.

જેથી હમીરભાઇની માતા કેશુબેન સહિતનાઓ માલવિયાનગર ગયા હતા અને ત્યારબાદ તેને રાત્રે પાડોશી નાનજીભાઇ તેના એક્ટિવામાં બેસાડી ઘેર લઇ આવ્યા હતા અને સૂઇ ગયા બાદ સવારે બેભાન થઇ જતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જે બનાવને પગલે ડીસીપી સુધીરકુમાર દેસાઇએ તપાસના આદેશ કરતાં પાડોશી વચ્ચે માથાકૂટના મામલે મૃતક હમીરભાઇ સમાધાન માટે વચ્ચે આવી પોલીસ સાથે માથાકૂટ થઇ હતી જે મામલે માલવિયાનગર પોલીસે તેની અટકાયત કરી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા પીઆઇ દેસાઇએ અજાણ્યા શખ્સો સામે હત્યાની કોશિશ સહિતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન હમીરભાઇનું સારવાર દરમિયાન મોત નીપજતાં પોલીસે મોતનું કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવી કાર્યવાહી કરતાં પરિવારે જ્યાં સુધી આરોપીઓની ધરપકડ નહીં કરો ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઇનકાર કરી મૃતદેહને હોસ્પિટલ ચોકમાં આવેલ બાબા આંબેડકરના સ્ટેચ્યૂ પાસે લઇ જઈ પોલીસ હાય-હાયના નારા લગાવ્યા હતા. તેમજ વાહનોને રોકી ચક્કાજામ કરતા પોલીસે એએસઆઈ અશ્વીન કાનગડ સહિતના આરોપીઓને પકડી લેવા બાંહેધરી આપતા પરિવારે લાશ સ્વીકારી હતી.

# સિધ્ધાર્થ સોસાયટી અને પીઠડઆઈ સોસાયટીમાં બે શખ્સો પિસ્તોલ સાથે ઝડપી લેતી પોલીસ

## ભક્તિનગર પોલીસે શાપરના અને ડીસીપી પોલીસે રાજકોટના બે શખ્સોને દબોચી લઈ પિસ્તલ અને જીવતા કાર્ટીસ કબ્જે કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ભક્તિનગર વિસ્તારમાં આવેલી સિધ્ધાર્થ સોસાયટીમાંથી શાપરના મચ્છીના ધંધાર્થી સોહિલ ઉર્ફે રેહાન નામના શખ્સને પિસ્તોલ અને કાર્ટીસ સાથે ભક્તિનગર પોલીસે મોડી રાતે દબોચી સઘન પૂછતાછ હાથ ધરી હતી.વધુ વિગત મુજબ, ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ.સરવૈયાની રાહબરીમાં પીએસઆઈ એમ.એન.વસાવા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથના કોન્સ્ટેબલ અરવિંદભાઈ ફતેપરા અને કરણભાઈ કોઠીવાલને શાપરનો સોહીલ ઉર્ફે રેહાન ખરેડીયા નામનો શખ્સ હુડકો ચોકડી ચેકપોસ્ટ પાસે સિધ્ધાર્થ સોસાયટી ૮૦ ફુટ રોડ પાસેથી પસાર થવાનો છે અને તેના પેન્ટના નેફામાં ગેરકાયદેસર હથીયાર હોવાની ચોકકસ બાતમીના આધારે સ્ટાફ સિધ્ધાર્થ સોસાયટી ૮૦ ફુટ રોડ પર વોચમાં હતાં. ત્યારે ત્યાંથી ચાલીને જતો શખ્સને જોવામાં આવતા તે શખ્સ પોલીસને જોઈ ભાગવાની કોશીષ કરતા સ્ટાફે તેને પકડી તેનું નામ પુછતા સોહીલ ઉર્ફે રેહાન શાહનવાઝ ખરેડીયા(રહે શાપર વેરાવળ બુધ્ધનગર) હોવાનું જણાવેલ હતું. પોલીસે શખ્સની ઝડતી લેતા પેન્ટના નેફામાંથી એક લોખંડની બનાવટની પીસ્ટલ તેમજ ખીસ્સામાંથી બે જીવતા બીજા બનાવમાં ડીસીબી પીઆઈ એમ.આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.એસ. ગરચર તથા તેમની ટીમના અનીલભાઈ સોનારા અને હરદેવસિંહ રાણા સહિતમાં આજીડેમ પાસે માંડા ડુંગરમાં આવેલી પીઠડઆઈ સોસાયટીમાં આવેલ હિંગળાજ પાન પાસેથી જયસુખ ઉર્ફે જશો વલ્લભભાઈ વાઘેલા(ઉ.વ.૩૫) ૧(રહે.નકલંક સોસાયટી શેરી નં.૧ મહાકાળી માતાના મંદીર વાળી શેરી માંડા ડુંગર રાજકોટ)ને પકડી એક દેશી પીસ્ટલ અને ૨ કાર્ટીશ કબ્જે કર્યા હતા.જેમાં અગાઉ તેમને આજીડેમ પાસે મારામારી થઈ હોય તેનો ખાર રાખી તે પિસ્તોલ સાથે રાખી ફરતો હતો. આ પિસ્તોલ કોણે આપી એ અંગે હાલ પૂછપરછ કરવામાં આવી હતી.

કાર્ટીસ મળી આવતા પોલીસે આરોપીની ધરપકડ કરી પીસ્ટલ અને જીવતા કાર્ટીસ નંગ-૨ મળી રૂ.૧૦,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીની પૂછતાછ હાથ ધરી હતી.

# જાગનાથ પ્લોટના કોન્ટ્રાકટરને હનીટ્રેપમાં ફસાવી ખંખેરી લેનાર મહિલા સહિતની ટોળકી ઝડપાઈ

## જૂનાગઢ ખાતે યુવાનને બોલાવી હનીટ્રેપમાં ફસાવી ૨૫ લાખની ખંડણી માગીઃ ૪૦ હજારની વીટી પડાવી કોરા ચોપડામાં લખાણ કરાવી જરૂરી ડોક્યુમેન્ટસ પડાવી લીધા

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

રાજકોટના યુવાનને જૂનાગઢ ખાતે બોલાવી હનિટ્રેપમાં ફસાવનાર મહિલાઓ સહિતની ટોળકીને ગણતરીના કલાકોમાં જૂનાગઢ એસ.ઓ.જીની ટીમે પકડી પાડી તમામ સામે કાર્યવાહી હાથ ધરી હતી..



જૂનાગઢ બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે પ્રેમ જાળમાં ફસાવી રૂપિયા પડાવી લીધા નો ગુન્હો ગ તા.૧૨/૦૪/૨૦૨૪ ના જૂનાગઢ, સુભાષનગર વિસ્તાર, જોષીપરા ખાતે બનેલ છે. આ બનાવના ફરીયાદી ધર્મેશભાઇ પ્રવિણભાઇ પંડયા, ઉ.વ.૩૮ રહે.૧૨/૪, જાગનાથ પ્લોટ, જાગનાથ મંદીરની બાજુમાં, રાજ મંદીર એપાર્ટમેન્ટ, ફ્લેટ નંબર- -૪૦૩, યાજ્ઞિક રોડ, રાજકોટ વાળાએ પોલીસને પોતાની ફરિયાદ આપતા જણાવ્યું હતું કે તેની સાથે આરોપીઓએ ગુનાહિત કાવતરૂ રચી આરોપી મહિલા એ ફરીયાદી ધર્મેશ પંડયા સાથે ફોનથી તથા વોટસએપથી મિત્રતા કરી જૂનાગઢ ખાતે ઘરે બોલાવી ફરીયાદીના કપડા કઢાવી પોતે નગ્ન થતા ફરીયાદીએ જતુ રહેવાનું કહેતા અન્ય આરોપીઓ આવી જઈ મોબાઈલમાં તારા નગ્ન ફોટાઓ છે, તારા ઉપર બળાત્કારનો કેસ કરવાની ધમકી આપી આરોપીઓ દ્વારા પૈસાથી સમાધાન કરાવી લેવાનુ જણાવી અને રૂ. ૨૫, લાખ આપવા પડશે તેમ જણાવી ચોપડામાં ફરીયાદીના હાથે લખાણ કરાવી સાત લાખ સોમવારે આપવા પડશે નહીતર પતાવી દઈશે તેવી ધમકી આપી ફરીયાદીના હાથમાં પહેરેલ સોનાની વીટી સાડા છ ગ્રામની કિ.રૂ.૪૦, હજર તથા અસલ આધારકાર્ડ તથા અસલ ડ્રાઈવીંગ લાયસન્સ બળજબરી કઢાવી લઈ ગુન્હો કર્યા બાબત ફરિયાદ આપી હતી. ઉપરોકત બનેલ બનાવની ગંભીરતા ધ્યાને લઇ જૂનાગઢ ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અને સીધા માર્ગદર્શન હેઠળ હનીટ્રેપના ગુન્હાની ગંભીરતા પૂર્વક તપાસ કરી, ગુનાના મૂળ સુધી પહોંચી, આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓને તાત્કાલિક પકડી પાડવા માટે સૂચના આપવામા આવેલ હતી ઉચ્ચ અધિકારીઓની સુચના અને ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ, જૂનાગઢ એસ.ઓ.જીના પી.આઈ પી.કે.ચાવડા તથા પીએસઆઈ એસ.એ.સોલંકી, તથા સ્ટાફની જુદી જુદી ટીમો દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરી, અલગ અલગ ટીમો બનાવી આ ટીમો દ્વારા બનાવ સ્થળ આજુબાજુના સીસીટીવી ફુટેઝ, ટેકનિકલ સોર્સ તથા ખાનગી બાતમીદારો મારફતે તથા ફરીયાદમાં જણાવેલ બાઈકના રજીસ્ટ્રેશન નંબર ઉપરથી આરોપી શોધી કાઢવા માટેના પ્રયત્નો હાથ ધરેલ હતા, તે દરમ્યાન આરોપીઓએ જે રૂપીયાની માંગણી કરેલ તે હનીટ્રેપના રૂપીયા જૂનાગઢ, ધોરાજી ચોકડીથી ઝાંઝરડા ચોકડીની વચ્ચે આવેલ હીંગળાજ હોટેલથી આગળના ભાગે લેવા આવનાના છે, તેવી હકીકતના આધારે એસ.ઓ.જી ટીમ વોંચમાં રહેલ અને બાતમીદારો તથા ફરીયાદીના જણાવ્યા મુજબના બે આરોપીઓને એક મોટરસાયકલ જેના રજી.નં.GJ03MD-7999 સાથે પકડી પાડી અને એસ.ઓ.જી ઓફીસ ખાતે લઈ આવી પુછપરછ કરતા આ બનાવમાં બીજી મહીલાઓ પણ આ હનીટ્રેપમાં સામેલ હોય અને તેમાની મહીલાઓને જૂનાગઢ જોષીપરા, ખાતે તપાસ કરતા મળી આવેલ હોય જેથી રૂહી પટેલ, રહે. જૂનાગઢ રવી, નામનો માણસ જયસુખ રબારી નામનો માણસ, સાગર નામનો માણસ, મંજુલાબેન હીરપરા નામની સ્ત્રી, આ તમામ ને આગવી ઢબે પુછપરછ કરતા તેઓ બધાએ સાથે મળીને ઉપરોક્ત ગુનાને અંજામ આપેલ હોય એસ.ઓ.જી દ્વારા આરોપીઓને પકડી પાડી જૂનાગઢ શહેર બીડીવી. પોલીસ સ્ટેશન ને સોપેલ છે. આ પકડાયેલ આરોપીઓ પૈકી મહિલા દ્વારા કોઇપણ પુરૂષને પોતાની મોહજાળમાં ફસાવી ત્યારબાદ સાથેના ઇસમો ખોટા નામ ધારણ કરી ભોગબનનાર પાસેથી પૈસા પડાવવાનું કામ કરે છે તેવી આ લોકોની મોડસ ઓપરેન્ડી પોલીસ સમક્ષ આવી હતી અગાઉ આવા કોઈ ગુન્હાને અંજામ આપ્યો છે કેમ તે મુદ્દે પોલીસ આગળની તપાસ હાથ ધરી છે.

# પેડક રોડ પર પટેલ પાર્કમાં કપડાં સૂકવતી વેળાએ ત્રીજા માળેથી નીચે પટકાતા મહિલાનું મોત

## જસદણના ગોડલાધાર ગામે યુવાનનું અપરણ કરી બે શખ્સોએ માર માર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કઠે આવેલા પેડક રોડ પર પટેલ પાર્ક માં મહિલા કપડાં સૂકવતી વેળાએ ત્રીજા માળેથી નીચે પડી જતા ગંભીરતા તેનું સારવારમાં મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ પેડક રોડ પર આવેલા પટેલ પાર્ક શેરી નંબર ૨ માં રહેતા રંજનબેન સુભાષભાઈ માજે નામની મરાઠી મહિલા ગઈકાલે સાંજે પોતાના ઘરે ત્રીજા માળે કપડા સુકવવા ગઈ હતી ત્યારે શરીરનું બેલેન્સ ગુમાવી દેતા તેણી ત્રીજા માળેથી નીચે પડી ગઈ હતી બનાવના પગલે મહિલાને ગંભીર ઈજા થતાં બેભાન હાલતમાં સરકારી




હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબો એ તેને જોઈ તપાસી મૃતક જાહેર કરતા પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો હતો બનાવ અંગેની જાણ ડી ડિવિઝન પોલીસ ને કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. જ્યારે અન્ય એક બનાવમાં જસદણના ગોડલાધાર ગામે રહેતો પરબત ભીમાભાઇ માન ખોલીયા નામનો યુવાન ગઈકાલે બપોરના બે વાગ્યે પોતાના ઘર પાસે હતો ત્યારે ભુપત તથા કિશન તથા યોગેશ સહિતના શખ્સો કારમાં અપરણ કરી જઈ ભૂપતની વાડીએ લઈ ગયા બાદ ધોકા વડે માર મારી ગરમ કોષના નામ આપતા યુવાનને શરીરે ઇજા થતાં સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે બનાવની જાણ જસદણ પોલીસને કરવામાં આવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ડ્રીમ સિટીના રહેવાસીઓને ધમકી આપનાર કરતી મહિલા સહિત બે સામે પોલીસ કમિશનરને રજૂઆત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના રૈયા રોડ પર આવેલા આલાપ ગ્રીન સીટી ની પાછળ સોપાન હાઇટ્સ પાસે આવેલ ડ્રીમ સિટી માં વસવાટ કરતા રહેવાસીઓએ મોટી સંખ્યામાં પોલીસ કમિશનર કચેરી ખાતે દોડી આવી પોલીસ કમિશનરને આવેદન પાઠવી જણાવ્યું છે કે તેઓ ઉપરોક્ત જણાવેલા સરનામે રહે છે અને આ ડ્રિમ સિટી માં રહેતી મહેક બેન લલીતભાઈ ભંભાણી અને અમિત ઠક્કર સહિતના બે ઈસમો દ્વારા અવારનવાર રહેવાસીઓને શાંતિ મારી નાખવાની




ધમકી આપવી બદનક્ષી કરી સુલે નો ભંગ કરવા ઉછેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા તથા સાર્વજનિક બગાડ થાય તેવા કંઠનો કરવા અને સોસાયટીની વાતાવરણ બગાડવા માટે જાહેર શાંતિનો ભંગ કરવા હોય જેથી આ બંને સામે યોગ્ય પગલાં લઈ રહેવાસીઓને આ મહિલા અને પુરુષના ત્રાસમાંથી મુક્ત કરવા રજૂઆત કરવામાં આવી છે બનાવના પગલે અધિકારીઓએ લેખિતમાં અરજી લઈ યોગ્ય કાર્યવાહી કરવાની અને ન્યાય અપાવવાની ખાતરી આપી છે.

# થોરાળા વિસ્તારમાં ત્રણ વર્ષ પહેલાં સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ કરવાના ગુનામાં આરોપીને આજીવન કેદની સજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ત્રણ વર્ષ પૂર્વે સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરવાના કેસમાં અદાલતે આરોપીને આજીવન કેદની સજા ફરમાવતો હુકમ કર્યો છે. શહેરમાં થોરાળા વિસ્તારમાંથી વર્ષ ૨૦૨૧ માં સગીરાનું અપહરણ કરી લઈ જઈ તેના પર દુષ્કર્મ આચર્યાની થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે આરોપી સાગર ભરતભાઈ મકવાણા (રહે થોરાળા, વિજયનગર)ની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. અને આરોપી સામે પૂરતો પુરાવો મળી આવતા પોક્સો અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું.

ચાર્જશીટ બાદ પોકસો અદાલતમાં કેસ ચાલવા ઉપર આવતા પ્રોસીક્યુશન તરફે ફરિયાદી, ભોગબનનાર, ડોક્ટર અને તપાસ કરનાર પોલીસ અધિકારીની જુબાની લેવામાં આવી હતી. અને



પ્રોસીક્યુશન તરફથી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ જેમાં ફરિયાદ મેડિકલ સર્ટી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીનો અહેવાલ વિગેરે દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખેલ અને તમામ દસ્તાવેજી પુરાવાઓને પ્રોસીક્યુશન દ્વારા સાબિત કરવામાં આવેલ તેમજ સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયાએ દલીલ કરેલ કે આરોપીનું સિમેન ભોગબનનારના પ્રાઇવેટ પાર્ટ્સમાં મળી આવેલ છે તેથી આરોપીએ આ ગુનો આચાર્યનું પ્રથમ દર્શને જણાઈ આવે છે અને આ ગુનો બન્યાનો માનવાને કારણ છે તેમજ એવી દલીલ કરવામાં આવેલ કે ભોગબનનાર સગીર છે અને આરોપી ૨૩ વર્ષનો છે અને આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે આવા ગુનાના આરોપી સામે કેસ સાબિત થયેલ હોય જેથી આરોપીને કાયદામાં જણાવ્યા મુજબની વધુમાં વધુ સજા કરવા અપીલ કરી હતી. આ કેસમાં પોક્સો અદાલતે સોગંદ ઉપરની જુબાની, દસ્તાવેજી પુરાવાઓ, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના અહેવાલ તેમજ સરકારી વકીલની દલીલને ધ્યાને લઈ પોક્સો કોર્ટના જજ જે.ડી. સુથારે આરોપી સાગર ભરતભાઈ મકવાણાને આજીવન કેદની સજા ફરમાવતો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા.

# બોગસ નંબર પ્લેટના ગુનામાં બે આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ મુકત કરતી કોર્ટ

## ત્રણ વર્ષ પહેલાં વાહન ચેકીંગ દરમ્યાન બાઈકમાં નકલી નંબર પ્લેટ હોવાથી પોલીસે ધરપકડ કરી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ત્રણેક વર્ષ પૂર્વે બોગસ નંબર પ્લેટ બનાવવાના તેમજ વાહનમા બોગસ નંબર પ્લેટ લગાડી ઉપયોગ કરવાના કેસમા સંડોવાયેલા બંને આરોપીને નિર્દોષ મુક્ત કરતો કોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ આજી ડેમ પોલીસ મથકનો સ્ટાફ વાહન ચેકીંગમાં હતો. તે દરમિયાન કોઠારીયા ચોકડી તરફથી આવતા મોટરસાયકલ ચાલક પરેશ ભુપતભાઈ મકવાણાને અટકાવી તલાસી લેતા નંબર પ્લેટ ન હતી અને પાછળની સાઈડ ગોલ્ડ અક્ષરે લખેલ ફેન્સી નંબર પ્લેટ હતી. જેના રજી. નં. જીજે આર ૧૫ ૮૬૮૫ લખેલ હતું. મોટરસાયકલની આર.સી.બુક અને ડ્રાઈવીંગ લાયસન્સ માંગતા મોટરસાયકલ ચાલકે પોતાની પાસે ડ્રાઈવીંગ લાયસન્સ ન હોવાનું જણાવેલ તેમજ તેણે પોલીસને એક આર.સી. બુક બતાવેલ જે આર.સી.બુકમાં મોટરસાયકલના નંબર જુદા જણાવેલ હતા. તેમજ એન્જીન નં. મોટરસાયકલના હતા. જેથી પોલીસને આ મોટરસાયકલમાં નંબરપ્લેટ ખોટી હોવાનું જણાતા મોટરસાયકલ અને બોગસ નંબર પ્લેટ કબ્જે કરી ચાલકની ધરપકડ કરી હતી. પોલીસ દ્વારા તપાસ કરતા આ બોગસ નંબરપ્લેટ દિલીપ રમેશભાઈ મકવાણાએ બનાવેલ હોવાનું જાણવા મળેલ. જેથી પોલીસે બન્ને આરોપીઓની ધરપકડ કરી આઈ.પી.સી. કલમ ૪૬૫, ૪૭૧, ૧૧૪, તથા એમ.વી.એકટ ૧૮૧ મુજબનો ગુન્હો દાખલ કરેલ અને નામ. કોર્ટમા ચાર્જશીટ દાખલ કર્યું હતું. ચાર્જશીટ બાદ કેસ અદાલતમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષના વકીલોની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી રજૂઆત અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ગ્રાહ્ય રાખી કોર્ટે બન્ને આરોપીઓને નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો છે. આ કેસમાં બંને આરોપી વતી એડવોકેટ રઘુવીર બસીયા રોકાયા હતા.